# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા.૧૮–૧૨–૨૦૦૯**

- **મુંબઈ નશાબંધી (સુધારા વિધેયક) દ્વારા ભાજપની સરકાર માત્ર રાજકીય સ્ટંટ કરે છે.**
- **ભાજપની સરકારે દેશી દારુ બનાવવા માટેની સામગ્રીની મુકત હેરાફેરી કરવાની તા.૧.૯.૨૦૦૩ના રોજ છૂટ આપી હતી.**
- **દારુ પીને છાકટા થનાર વ્યકિતઓને કેદની સજામાંથી સંપૂણ મુકિત આપવાનો નિર્ણય તા.૧૫.૨.૨૦૦૫ના રોજ તથા તા.૨૭.૩.૨૦૦૩ના રોજ ગુજરાતની સરકારે કર્યો હતો. આવા વ્યકિતઓને ફરી સજા માટે આજના બિલમાં કોઈ જોગવાઈ નથી.**
- **ખરા અર્થમાં સાચા તહોમતદારોને સરકાર સજા કરવા માંગતી હોય તો તટસ્થ એજન્સી સી.બી.આઈ. મારફત લઠ્ઠાકાંડની તપાસ કરાવવી જોઈએ.**
- **લઠ્ઠાકાંડના આરોપીઓને સજા થાય નહી તે માટેની છટકબારી કાયદામાં રાખી દેવામાં આવી છે.**
- **લઠ્ઠાકાંડના આરોપીઓને આશ્રય અપનાર પોલીસ અધિકારી કે રાજકીય છત્ર પૂરું પાડનાર વ્યકિતઓને સજા કરવાની કોઈ જોગવાઈ કાયદામાં નથી.**

ગુજરાત વિધાનસભામાં ભા.જ.પની સરકારે માનનીય રાજયપાલશ્રીના સંદેશાને ધ્યાને લીધા સિવાય મુંબઈ નશાબંધી (સુધારા વિધેયક) રજુ કર્યુ તે બતાવે છે કે, ગુજરાતની ભા.જ.પ.સરકાર લઠ્ઠામાં જવાબદાર લોકો અને દારુડિયાઓને મદદ કરવા માગે છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, માનનીય રાજયપાલશ્રીએ બંધારણીય જોગવાઈઓ અને વિધાનસભાની મર્યાદાઓને સમજીને ગુજરાતમાં દારુબંધીના અમલ માટે યોગ્ય અને જરુરી કાયદો બનાવવા વિધેયક પરત મોકલેલું હતું. માનનીય રાજયપાલશ્રીના વિવિધતાપૂર્ણ સંદેશાને ધ્યાને લીધા સિવાય તેમજ બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણીયના આર્ટિકલ–૧૪,૧૯, ૨૧ અંગે ૨૧ને સંપૂર્ણ વિરુધ્ધ ફાંસીની જોગવાઈઓ કાયદામાં કરવામાં આવી છે. નામદાર સુપ્રિમ કોર્ટના અનેક જજમેન્ટને વિરોધપક્ષ તરફથી આજે વિધાનસભામાં ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, દારુબંધીના કડક અમલ માટે તેમજ લઠ્ઠાકાંડના જવાબદારોને સજા કરી શકાય તે માટે વિધાનસભાની સત્તા મર્યાદા મુજબ ફાંસીના બદલે આજીવન કેદની અથવા તો નામદાર અદાલતના વિવેકબુધ્ધિ પરની જેલની સજાની જોગવાઈઓ કરવી જોઈએ.

ભા.જ.પ.સરકારની દાનત અંગે શંકા ઉભી થાય છે. પોતાની મર્યાદા બહાર ફાંસીની સજાવાળી જોગવાઈઓનું બિલ પસાર કરી અને પછી તેને કાંતો મંજૂરી ન મળે અથવા અલ્ટ્રાવાયર્સવાળુ કરતા જાહેર કરે જેથી દારુબંધીનો ભંગ કરનાર કે લઠ્ઠાના જવાબદારોને સજા થાય નહી અને ભા.જ.પ.ની સરકાર ફાંસીની સજાની જોગવાઈઓના નામે રાજકારણ કરી શકે.

ગુજરાતની ભાજપ સરકારે ગુજરાત વિધાનસભામાં તા.૧.૯.૨૦૦૩ના રોજ સુધારા વિધેયકથી મુંબઈ નશાબંધીના કાયદામાં સુધારો લાવીને દેશી દારુ બનાવવા માટે વપરાતો સુક્રોજ, સડેલો ગોળ, અને નવસારની મુકત હેરાફેરી માટે છૂટ આપી હતી. આ સરકારની દેશી દારુ બનાવનારાઓ પ્રત્યે રહેમ નજર તથા મીલી ભગતના કારણે આ સુધારો લાવવામાં આવ્યો હતો. વર્ષોથી મુંબઈ નશાબંધી અધિનિયમોમાં આ દ્રવ્યોની

હેરાફેરી પર તથા વેચાણ ઉપર પ્રતિબંધ હતો અને તેના કારણે ગુજરાતમાં દેશી દારુના ઉત્પાદનને કાબુમાં રાખી શકાતો ન હતો. આ સરકારની દેશી દારુ બનાવનારાઓ પ્રત્યે રહેમ નજર તથા મીલી –ભગતના કારણે આ સુધારો લાવવામાં આવ્યો હતો.

ભાજપની આ સરકારે ગુજરાતમાં સત્તાસ્થાને આવ્યાં પછી દારુબંધીની નીતિને હળવી કરવા માટે ગુજરાત વિધાનસભામાં તા.૨૭.૩.૨૦૦૩ના રોજ એક સુધારા વિધેયક લાવીને કલમ–૯૨ દાખલ હતી અને આ કલમ દ્વારા દારુનું સેવન કરનારાઓને જેલની સજા હતી તેના બદલે તેટલા જ દિવસો સમાજ સેવા કરવા માટે બોન્ડ લઈ મુકત કરી દેવાની જોગવાઈ કરવામાં આવી હતી. આમ દારુ પીનારાઓને કેદની સજામાંથી સંપૂર્ણ મુકત કરવાની જોગવાઈ આજ સરકાર લઈને આવી હતી અને તેના કારણે જુના કાયદાથી જે જેલવાસનો ડર દારુ પીનારા લોકોમાં હતો તે જતો રહેલો.

ભાજપની વર્તમાન સરકાર સને–૨૦૦૫ની સાલમાં ફરી વખત દારુબંધીની નીતિને લગભગ સંપૂર્ણપણે મુકત કરવાની હોય તે રીતે મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક સન–૨૦૦૫ લઈને તા.૧૫.૨.૨૦૦૫ના રોજ વિધાનસભા સમક્ષ આવેલ. જુના મુંબઈ નશાબંધી અધિનિયમની કલમ–૬૬માં એવી જોગવાઈ હતી કે દારુબંધીના ગુના માટે ૬ મહિનાથી લઈને ૨ વર્ષની કેદની સજા તથા દંડનીસજા થઈ શકે. પરંતુ ભાજપની સરકારે તા.૧૫.૨.૨૦૦૫ના રોજ સુધારા કાયદાથી કેદની સજા અને સજાની જોગવાઈ દુર કરીને દારુ બનાવનાર અને વેચનાર માટે કોઈ દહેશત ન રહે તેવી વ્યવસ્થા કરી આપી હતી. જુના કાયદામાં કલમ–૮૫ નીચે એવી જોગવાઈ હતી કે કોઈ દારુ પીને છાકટો બને અને અવ્યવસ્થિત વર્તન કરે તો તેને પહેલા ગુના માટે ૩ મહિના સુધીની કેદ અને દંડ, જયારે બીજા ગુના માટે ૧ વર્ષની કેદ અને દંડની સજાની જોગવાઈ હતી. ગુજરાતની ભાજપ સરકારે તા.૧૫.૨.૨૦૦૫ના રોજ કાયદાના સુધારાથી દારુ પીનારાઓ માટેની આ કેદની જોગવાઈ દુર કરી હતી. આ જોગવાઈ દુર થવાથી ગુજરાતમાં દારુબંધી માત્ર કાગળ ઉપર જ રહી હતી કારણ કે સજાની જોગવાઈઓમાં કેદની સજા સંપૂર્ણપણે દુર કરવામાં આવી હતી.

આ ગુજરાતની ભાજપ સરકાર પોતે જ લઠ્ઠાકાંડ માટે જવાબદાર છે કારણ કે, દારુબંધીની જુની નીતિ મુજબ દારુ બનાવવાની સામગ્રીને મુકત હેરાફેરીની છુટ મળી ન હોત તેમજ દારુ પીનારાઓ તેમજ દારુ રાખનારાઓની સામે કેદની સજા રદ કરવામાં આવી ન હોત તો દારુ બનાવનાર, વેચનાર કે પીનારાઓને છુટ મળી ન હોત અને જે લઠ્ઠાકાંડ સર્જાયો તેવો મોટો લઠ્ઠાકાંડ બન્યો ન હોત. આમ લઠ્ઠાકાંડ માટે સંપૂર્ણપણે જવાબદાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સરકાર છે અને હવે જયારે સમગ્ર ગુજરાતમાં આ સરકાર બદનામ થઈ રહી છે ત્યારે જેમ **"ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળુ મારવામાં આવે"** તેમ ફાંસીની સજા સાથેની જોગવાઈ સાથેનો કાયદો લાવવાનો પ્રયત્ન થયો છે આ કાયદાની જોગવાઈઓમાં ખરા અર્થમાં જવાબદાર વ્યકિતઓને કોઈ જાતની સજા ના થાય તે રીતની પરિસ્થિતિ છે.

ભાજપની ભ્રષ્ટ નીતિના કારણે દેશમાં સૌથી વધારે લઠ્ઠાકાંડથી મૃત્યુ થયાનો આંક ગુજરાતમાં નોંધાયો છે ત્યારે માત્ર લોકોનું ધ્યાન બીજે દોરવા તથા ફકત દેખાવો કરવા માટે જ સરકાર આ વિધેયક લઈને આવી છે. સજા કરવાની જે જોગવાઈ કરવામાં આવી છે તેમાં મુખ્ય સુત્રધારોને કોઈ ઉની આંચ ન આવે તેની કાળજી રાખવામાં આવી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. જે તંત્ર આ પ્રકારના ગેરકાયદેસર લઠ્ઠાના વેપાર આપવા દેવા માટે જવાબદાર હોય તેની સામે કોઈ પગલાંની જોગવાઈ કરવામાં આવી નથી. ખરેખર હાલમાં જે સજાની જોગવાઈ કરાઈ છે તેના કરતાં વધારે સજાની જોગવાઈ હોવી જોઈએ. તાજેતરનો લઠ્ઠાકાંડ થવાનું કારણ પોલીસ તંત્ર અને સરકારની સાંઠગાંઠથી થયો છે. જે તંત્ર હપ્તાઓ લઈને ગેરકાયદેસર દારુને વેચવાની તથા પીવાની લીલીઝંડી આપતું હોય તે જ તંત્ર પાછું લઠ્ઠાકાંડના બનાવની તપાસ કરે તો સ્વાભાવીક રીતે ખરા તહોમતદારો પકડાવવાના

નથી. ખોટી તપાસના આધારે કોઈ નિર્દોષ કે નાના માણસોને ફાંસીની સજા આપવાથી કશોજ અર્થ સરવાનો નથી. ખરા અર્થમાં લઠ્ઠાકાંડની  તપાસ તટસ્થ "ઈન્વેસ્ટીગેશન એજન્સી" એટલે કે સી.બી.આઈ. મારફત કરવામાં આવે તો જ સત્ય બહાર આવશે.

રજૂ થયેલા કાયદામાં ઈરાદાપૂર્વક મોટી છટકબારી રાખી દેવામાં આવી છે. નશાબંધી અંગેની કલમોમાં જે સજાની જોગવાઈ ઘટાડી દેવામાં  આવી હતી તેમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. એટલે માત્ર કાગળ પર કાયદો બનાવી રાજકીય ઉદેશથી કાયદો લાવવામાં આવ્યો છે. જયારે એક તરફ લઠ્ઠાકાંડ માટે  મૃત્યુ દંડ સુધીની જોગવાઈની વાત કરવામાં આવે છે ત્યારે બીજી તરફ દારુનો નમુનો લેવામાં ચૂક કરે તો પોલીસ અધિકારી કે નશાબંધી અધિકારીને માત્ર એક વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આનો અર્થ એ થયો કે જેનો લઠ્ઠો પકડાશે તે નમૂનો નહીં મોકલવા માટે પોલીસ અીધકારી કે નશાબંધી અધિકારી મેનેજ કરીને અને નમુનો નહી મોકલાય તો તો તે અધિકારીને માત્ર એક વર્ષની વધુમાં વધુ  કેદની જોગવાઈ છે અને તેથી ફાંસીની સજામાંથી મુખ્ય આરોપી આરામથી છટકી શકશે.

દેશી દારુ બનાવવા માટેની સામગ્રીઓને હેરાફેરીમાંથી મુકત કરી દેવાનો જે ગંભીર નિર્ણય ગુજરાતની ભાજપ સરકારે કરેલો હતો તેને જેમને તેમ રહેવા દઈને દારુબંધીની  સહેજ પણ  અમલ કરાવવાની ઈચ્છા આ સરકારની નથી તે  સ્પષ્ટ થાય છે. દારુ પીનાર અને છાકટો થઈને ફરનારી વ્યકિતઓને જે સજાની જોગવાઈ હતી તેને  ભાજપની સરકારે કેદની સજામાંથી સાવ મુકતી આપેલી હતી  તેમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જે બતાવે છે કે આ સરકાર માત્ર રાજકીય સ્ટંટ કરવા માંગે છે.

લઠ્ઠો કે દેશી દારુના વેચાણ માટે જવાબદાર વ્યકિતઓ ખરા અર્થમાં નશાબંધીનો અમલ કરાવનાર તંત્ર ગણાય. તંત્રની મીઠી નજર નીચે લઠ્ઠો કે દારુ વેચનાર અને લોકોના મૃત્યુ થાય તો તેવા તંત્રના અધિકારીઓ કે રાજકીય આશ્રય આપનાર વ્યકિતઓને કોઈ સજાની જોગવાઈ આ નવા કાયદામાં કરવામાં આવી નથી.

ગુજરાત સરકાર નાના માણસોને નિશાન બનાવીને આત્મસંતોષ લઈ રહી છે. ગુજરાતમાં પોલીસ ખાતામાં હપ્તા ઉઘરાવનારા વહીવટદારોની સામૂહિક બદલીઓ કરી પોલીસ કોન્સ્ટેબલોને સરકારે આ સજા કરી છે પરંતુ આ વહીવટદારો જેમના માટે હપ્તાઓ ઉઘરાવતા હતા તેવા ઉચ્ચ અધિકારીઓ અને સરકારના મંત્રીશ્રીઓનો  વાળ પણ વાંકો આ સરકાર કરી શકતી નથી.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીયા)**
અંગત મદદનીશ